# એચ.આઈ.વી. કેવી રીતે ફેલાય છે ?




# એચ.આઈ.વી. ફેલાતો અટકાવી શકાય છે.




- આપણા લોહીમાં રહેલા શ્વેતકણ પોલિસ જેવું કામ કરી જુદા જુદા રોગોના જીવાણું સામે રક્ષણ પુરૂ પાડે છે. આપણી આ શકિતને રોગ પ્રતિકારક શકિત કહેવામાં આવે છે.
- પરંતુ એચ.આઈ.વી નામના અતિસુક્ષ્મ જીવાણું(વાયરલ) લોહીમાં આવેલા શ્વેતકણોમાં જ ઘૂસી જાય છે અને તેમને મારી નાખે છે. પરિણામે આપણી રોગપ્રતિકારક શકિત ધીરે ધીરે નાશ પામે છે.
- રોગ પ્રતિકારક શકિત પૂરેપૂરી નાશ પામવામાં આશરે ૮ થી ૧૦ વર્ષ કે તેથી વધારે સમય લાગે છે. આ સમયગાળા માં રોગના ચિન્હો શરીરમાં દેખાતા નથી. પરંતું આવી વ્યકિત અન્યને ચેપ ફેલાવી શકે છે.
- રોગ પ્રતિકારક શકિત પૂરેપૂરી નાશ થઈ જાય ત્યારે જુદા જુદા રોગોના જીવાણું સહેલાઈથી આપણા શરીર ઉપર હુમલો કરે છે.આ જુદા જુદા રોગોના લક્ષણોના સમુહને એઈડ્સ કહે છે.


CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices
Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

**સીમ્સ હૉસ્પિટલ**

રજી. ઓફિસ : પ્લોટ નં. 67/1, પંચામૃત બંગલોની સામે,
શુકન મોલની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-75 ફેક્સ : +91-79-2771 2770

**એપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-2772 1008**
**મોબાઈલ : +91-98250 66661 ઈમેલ :** opd.rec@cimshospital.org

**24 X 7 મેડીકલ હેલ્પલાઈન +91-70 69 00 00 00**

**સીમ્સ હોસ્પિટલની એપ્લીકેશન ઉપલબ્ધ છે**

CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓ : +91-98244 50000, 97234 50000**


# સીમ્સ
# એચ.આઈ.વી./એઈડ્સ



## શું આપ જાણો છો કે માતા દ્વારા બાળકને લાગતો એચ.આઈ.વી. નો ચેપ અટકાવી શકાય છે ?


CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices
Joint Commission International | NABH | NABL Certificate No. MC-3049

## માતા દ્વારા બાળકને લાગતા ચેપનું જોખમ

**એચ.આઈ.વી. નો ચેપ ધરાવતી મહિલા સગર્ભાઓને અવતરતા બાળકો પૈકી ૩૪ ટકા જેટલા બાળકોમાં ચેપ ફેલાય છે અને લગભગ ૬૬ ટકા બાળકો સામાન્ય હોય છે.**

આ રીતે એચ.આઈ.વી. નો ચેપ ફેલાય છે



જો માતા એચ.આઈ.વીનો ચેપ ધરાવતી હોય તો નવજાત શીશુમાં..

**૫ થી ૧૦ ટકા ચેપ**
સગર્ભાવસ્થા દરમ્યાન ફેલાય છે.

**૧૫ થી ૨૦ ટકા ચેપ**
સુવાવડની પ્રક્રિયા દરમ્યાન ફેલાય છે.

**૫ થી ૧૫ ટકા ચેપ**
ધાવણ મારફતે ફેલાય છે. જો કે માતાનું ધાવણ બાળકને માટે ઉત્તમ ખોરાક મનાય છે.

## માતા દ્વારા બાળકને લાગતો ચેપ મહદ્ અંશે અટકાવી શકાય છે

- એચ.આઈ.વી. ચેપ ધરાવતી (પોઝીટીવ) મહિલાઓએ બિનજરૂરી ગર્ભાધાન ટાળવું
- બધી જ સગર્ભા મહિલાઓએ એચ.આઈ.વી.નો ટેસ્ટ કરાવી પોતાને ચેપ છે કે કેમ તે જાણી લેવું જરૂરી છે.
- સીમ્સ હોસ્પિટલના સ્ત્રી વિભાગમાં સંપરામર્શ અને લેબોરેટરી પરિક્ષણની સુવિધા હોય છે.
- એચ.આઈ.વી.ચેપ ધરાવતી (પોઝિટિવ) મહિલાને ગર્ભાવસ્થા વખતે દવાનો ડોઝ પીવડાવવામાં આવે છે. આમ કરવાથી માતા દ્વારા બાળકને લાગતા ચેપનું જોખમ ઘટાડી શકાય છે.

## એચ.આઈ.વી. ચેપ ધરાવતી મહિલાઓએ આટલું ધ્યાન રાખવું

- નિયમિત રીતે કાઉન્સેલરના પરામર્શમાં રહેવું.
- પોતાની રોગપ્રતિકારક શકિતની સ્થિતી જાણવા માટે સમયાંતરે લેબોરેટરી પરિક્ષણ કરાવવું.
- આ ટેસ્ટ કર્યા પછી જરૂર જણાય તો ખાસ પ્રકારની દવાથી સારવાર આપવામાં આવશે.
- સ્વચ્છતા ઉપર વિશેષ ધ્યાન આપવું.
- પૌષ્ટિક ખોરાક લેવો.